શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૧ • સળંગ અંક : ૫૩ • તા. ૧૫ જૂન થી ૨૧ જૂન ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા વિશેષજ્ઞ વાર્તાલાપ- એક સફળ પહેલ




સહજ મિલા વો દૂધ બરાબર,
માંગ લીયા વો પાની...
ખીંચ લીયા વો ખૂન બરાબર,
યે બાત કિસીને જાની?
-સંત કબીર
નીશિથ આનંદ દંડ
Sure Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી

-: કાર્યાલય :-

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
**http://www.kdosm.org**
**Email :**
**gyatimaiya2018@gmail.com**


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ

માણસનું મન સામે વાળો વ્યક્તિ પ્રશંસા કરે એની તાકમાં હોય છે. બીજાઓના અભિપ્રાય ઉપર સુખ, આનંદ અને સફળતાનો ગણિત બાંધનારો માણસ અન્યોના અભિપ્રાયની રાહ જુએ છે. લોકોના અભિપ્રાય ખોટા જ હોય છે. એવું નથી એ માત્ર પ્રશંસા ભર્યા હોય છે એવુંય નથી. અન્યોના અભિપ્રાય જે તે વ્યક્તિના દ્રષ્ટિકોણ આધારિત હોય છે એટલું પણ ખરૂ બીજાઓના અભિપ્રાય, મંતવ્ય પ્રમાણે કે અન્યના મત ઉપર આપણે આધારિત ન રહેવું જોઈએ. વિના કારણે દુ:ખો જીવનમાં પ્રવેશી જાય છે. એ જ તકલીફ આપે છે.

લોકોના પ્રવાહમાં આપણું જીવન તણાઈ જાય એ પણ યોગ્ય તરેહ નથી. લોકોની અવગણના ન કરવી અને અતિ પ્રિયતા પણ ન કરવી. જે આપણને ગમે છે જે આપણે જાણીએ છીએ એમાં મશગુલ રહીએ મસ્ત રહીએ એજ જીવનનો આનંદ છે. આપણું જીવન આપણા માટે છે. તેનું સુકાન અન્યોના હાથમાં ન રહે એ ચોક્કસ જોવું જોઈએ.

આપણો રસ્તો ચોખ્ખો હોય એ પણ એટલું જરૂરી છે. આપણા વિચારો આપણી જીવન શૈલી નિંદાપાત્ર ન બને, એવા કૃત્યો ન કરીએ જેથી લોકોમાં હાંસી પાત્ર થઈએ. ઈતરના અભિપ્રાય જરૂર જાણીએ, સમજીએ, સ્વીકારીએ પણ અહંમ સ્વભાવ બનાવી, તેમને અવગણીએ એ પણ યોગ્ય નથી ને નથી જ. આપણા રોજિંદા જીવન વિષે જાગૃતિ રાખવી જરૂરી છે. આપણા જીવનમાં ખાન-પાન, આચાર-વિચાર પર લોકો પોતાનો પ્રગટ પણે અભિપ્રાય બતાવે એને જરૂર આવકાર્ય ગણવું જોઈએ. એ ક્યારેક નેગેટિવ પણ હોય તો ક્યારેક પોઝિટીવ પણ હોય. બધા કરતા સારા દેખાવવાની બધા કરતા આગળ નીકળી જવાની ભાવના રાખવી વ્યાજબી છે પણ સ્પર્ધા કરીને આંધળી દોટ લગાવવી વ્યર્થ છે.

બીજાઓના અભિપ્રાય, સારા નરસા મંતવ્યોને અવગણીને જીવશું તો જિંદગીના અડધા દુ:ખો એની મેળે ચાલ્યા જશે. લોકના ગણિત પળે પળે બદલાતા રહે છે. માત્ર આપણે આપણા ગણિતે દ્રઢતાપૂર્વક પકડી રાખીએ એ જરૂરી છે. લોકો તો સારા માનવી, સંત પુરૂષો, મહાન આત્માઓને છોડ્યા નથી તો આપણે કઈ વાડીના મૂળા. મક્કમ મનથી આગળ વધીએ અને મસ્તથી જીવીએ તો જીવન જીવવાનો આનંદ પ્રગટ થશે. બાકીતો આગળથી કહેવાતું આવ્યું છે.''સબસે બડા રોગ, ક્યા કહેંગે લોગ''

- જય જ્ઞાતિમૈયા

# શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા વિશેષજ્ઞ વાર્તાલાપ– એક સફળ પહેલ

સોમવાર, ૧૦ મી જૂન, ૨૦૧૯ ના રોજ, શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિએ દિવ્યાંગોના માતા-પિતા અને સંભાળ રાખનારાઓ માટે નિષ્ણાતો સાથે વાર્તાલાપનું આયોજન કર્યું હતું. અનંત છાયા, ઘાટકોપરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં, મુંબઈના જુદા જુદા ભાગોમાંથી આવેલ, લગભગ ૩૦ માતા-પિતા અને દિવ્યાંગના પરિવારના સભ્યોએ ભાગ લીધો હતો.

કાર્યવાહી હાથ ધરતાં, સમિતિના શ્રીમતી શિલ્પા અજાણીએ જે સ્વાગત સંબોધન કર્યું તે સહુ શ્રોતાજનોના હૃદયને સ્પર્શી ગયું હતું.

પ્રથમ પ્રવક્તા - કાઉન્સેલર, કારકિર્દી સલાહકાર અને ટ્રેનર એવા ભાવિકા લાડ હતાં. તેણીએ પોતાના જોશભર્યા પ્રવચનમાં આદર્શ પેરેંટિંગ માટે '૫ પી' ની ટીપ્સ આપી હતી. ત્યાર પછી હાઈપર બાળકોને સંભાળવાથી લઈને દિવ્યાંગોની સામાજિક સ્વીકૃતિ સંબંધી વિવિધ પ્રશ્નો પર જવાબ આપ્યાં હતાં.

બીજા વક્તા શ્રી કિરિટભાઈ પરીખે, જેઓ પોતે એક દિવ્યાંગ પુત્રીના પિતા છે, ભારત સરકારની 'નિરામય' - દિવ્યાંગો માટેની ડિસેબિલિટી હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ સહિત, જુદી જુદી યોજનાઓની માહિતી પ્રેક્ષકો સામે રજૂ કરી. તેમણે ખાસ કરીને માતાપિતાના મૃત્યુ બાદ દિવ્યાંગોના લાભ માટે બનાવાયેલી નાણાકીય યોજનાઓ વિશે પણ વાત કરી.

બન્ને અતિથી વક્તાઓનું સન્માન ક્રમશઃ શ્રીમતી સુરેખા મોતા તથા શ્રીમતી નીના સાયલા દ્વારા કરવામાં આવ્યું હતું. નાદુરસ્ત તબિયતના કારણે સેમિનારમાં ગેરહાજર હોવા છતાં સમિતિના કન્વિનર શ્રી રાજેન્દ્ર ખોનાએ સહુને પોતાની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. અંતે, શ્રીમતી કાશ્મીરા લુઠીયાના મંતવ્ય પછી શ્રીમતી શિલ્પાએ, કાર્યક્રમમાં હાજરી આપવા અને ભાગ લેવા બદ્દલ દરેકનો આભાર માન્યો.

મહાજનના મેળાવડામાં જાહેર કરાયેલા તેમના પ્રસ્તાવિત પ્રોજેક્ટ્સની દિશામાં, દિવ્યાંગ સમિતિ દ્વારા લેવામાં આવેલ પ્રથમ પગલું સંપૂર્ણપણે સફળ



પધારેલ દિવ્યાંગો તથા તેમના વાલીઓને સ્વાગત સંબોધન કરતા શિલ્પા અજાણી.



પ્રેક્ષકોને સંબોધતા શ્રીમતી ભાવીકા લાડ



શ્રી કીરીટભાઈ પરીખનું સન્માન કરતા શ્રીમતી નીના સાયલા.



માતપિતાના નામોની નોંધણી કરતા રજીસ્ટ્રેશન ટેબલ પર શ્રીમતી નીના સાયલા.

# શ્રી સમસ્ત કે.ડી.ઓ. જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા વિશેષજ્ઞ વાર્તાલાપ– એક સફળ પહેલ


વિશેષ ટીપ્પણી આપતા શ્રીમતી કાશ્મીરા લુઠીયા


ભાવીકા લાડનું સન્માન કરતા એક દિવ્યાંગના માતા શ્રીમતી સુરેખા મોતા.

રહ્યું એ તો તરત જ પ્રાપ્ત થયેલા માતાપિતાના પ્રતિભાવો ઉપરથી સ્પષ્ટ થયું હતું. સમિતિ દ્વારા પ્રદર્શિત સંવેદનશીલતાનો પડઘો એક માતાએ આ શબ્દો લખીને પાડ્યોઃ આંતરિક મનોભાવનાને સમજીને મનને હલાવી નાંખ્યું. હૃદયસ્પર્શી લાગણી અનુભવી. પોતાનું પિયર બાજુમાં જ ઊભું છે તેવો અહેસાસ કરાવ્યો. ધન્ય છે. તમને અને તમારી સેવાભરી પ્રવૃત્તિને ધન્ય છે. આ સત્રના સ્થળ, અન્ય વ્યવસ્થા અને અલ્પાહારના પ્રાયોજક શ્રી સમીર નાગડા હતાં.


વાલીઓ સાથે વાર્તાલાપ કરતા શ્રી કીરીટભાઈ પરીખ

# માંડવીમાં શાંતિનાથ જિનાલયે યોજાયો ધ્વજારોહણનો ત્રણ દિનનો કાર્યક્રમ



અચલગચ્છ જૈન સંઘ માંડવી દ્વારા શાંતિનાથજી જિનાલયે ધ્વજારોહણ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ મુનિ ભદ્રંકરસાગરજી મ.સા., મુનિ મોક્ષેશચંદ્રસાગરજી મ.સા., સાધ્વી આગમકિરણાજી મ.સા., આદિઠાણા-૩ની હાજરીમાં ઉજવાયો હતો.

સવારે સ્નાત્રપૂજા, બપોરે અચલગચ્છ અધિષ્ઠાયક દેવી મહાકાલી માતાજીની ભાવના બીજા દિવસે બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. સત્તરભેદી પૂજા સાથે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રાવિકા મંડળની બહેનોએ ત્રણેય કાર્યક્રમોમાં સહયોગ આપ્યો હતો. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણાની હાજરીમાં ધ્વજાના ચડાવાઓનો લાભ વિવિધ દાતા પરિવારોએ લીધો હતો.

મુનિ પૂર્ણભદ્રસાગરજી મ.સા.એ ધ્વજારોહણનું મહત્વ સમજાવી નૂતન ઉપાશ્રયનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. તેમાં સહયોગી બનવા અપીલ કરી હતી. સંઘ પ્રમુખ મયૂરભાઈ શાહ તથા તેમની ટીમના નેતૃત્વ હેઠળ સંઘના ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી વિવિધ દાતાઓના સહયોગથી બપોરના સંઘ જમણનું આયોજન કરાયું હતું.

# પ.પૂ.સાધ્વી શ્રી જય દર્શિતાશ્રીજી મ.સા.નો રાયચુરમાં પ્રવેશ









પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો ઉત્તમભાઈ દેવજી મૈશરીના નિવાસ સ્થાને છતીસગઢના રાયપુરમાં તા. ૯ જૂન ૨૦૧૯, રવિવાર રોજ પ્રવેશ થયો. છતીસગઢ કચ્છી જૈન સંઘના નેજા હેઠળ રાયપુર નગરે પંચાનિકા મહોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરશે.









# સમસ્ત મહાજન દ્વારા શાઈનીંગ સ્ટાર પાઠશાળાઓને લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીન અપાયા

ચતુર્થ સંમેલનના પ્રોજેક્ટ અંતર્ગત આપણી ધાર્મિક પાઠશાળાઓને આજના વિજ્ઞાન સાથે જોડી આપણા બાળકોને તેમને જોઈતો મનગમતા વિષયના શિક્ષણ કઈ રીતે મેળવી શકે તેવી ભાવનાથી પ્રેરાઈને અને અચલગચ્છાધિપતિશ્રીની આજ્ઞા અને આશીર્વાદ તથા કૃપાથી જૈન શાઈનીંગ પાઠશાળા ભારતભરમાં ધાર્મિક શિક્ષણ ફેલાવવાનો કાર્ય સુપેર પણે કરી રહી છે. એમાં લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીનની મદદથી બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાની નવી પધ્ધતિ શરૂ કરી છે.

ચતુર્થ સંમેલન મધે જાહેરાત થઈ અને ૧૦ લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીન દાનવીર શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી ભારતભરમાં આપણી શાઈનીંગ સ્ટાર પાઠશાળાઓને જરૂરિયાત પ્રમાણે આપવાની ઘોષણા થઈ છે. તેમાં એક લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીન માટે આણંદ પરિવાર તરફથી ઘોષણા થઈ. આમ ૧૧ સેટ, લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીન આપવાના છે. જ્ઞાતિજનોને જાણીને ખુશી થશે કે શ્રી કે.ડી.ઓ.સંઘ ભાડુંપ માટે એક સેટ અને જીવીસી સંઘ ઘાટકોપરને એક સેટ અપાઈ ગયા છે. ત્રીજુસેટ હવે કે.ડી.ઓ. સંઘ વડોદરાને ઉપલબ્ધ કરી આપવાની જાહેરાત થઈ ગઈ છે.

આમ આ પ્રોજેક્ટ કાર્યન્વિત થઈ ચૂક્યું છે અને જૂન માસથી નવો અભ્યાસ ક્રમ શરૂ થશે તે અંતર્ગત આ સર્વે લેપટોપ, પ્રોજેક્ટર અને સ્ક્રીન મારફતે આપણા બાળકોને જૈન ધાર્મિક શિક્ષણ મળશે. જે કોઈ સંઘ, મહાજન મંડળ તેમના સભ્યો માટે આ પ્રકારનું શિક્ષણ જોઈએ છે, જે જરૂરી છે તે આપવાની પૂરી તૈયારી સમસ્ત મહાજની કમિટિની છે. શાઈનીંગ સ્ટાર પાઠશાળાના સર્વે કાર્યકરો પણ જાગૃત છે અને તેઓ પણ સંપૂર્ણ પણે મદદરૂપ થઈ રહ્યાં છે. ભારત ભરની પાઠશાળાઓમાં જેમને પણ આ વિશે વધુ જાણકારી જોઈતી હોય તો કૃપા કરી શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ મો.નં. ૯૩૨૨૬૮૦૦૦૮ નો સંપર્ક સાધવો.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારનો આ તબક્કે આભાર માને છે.




# શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘ ચાતુર્માસ જય બોલાવી









શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘ ચાતુર્માસ જય બોલાવા કાંદિવલી અચલગચ્છ સંઘમાં ગયેલ જ્યાં પ.પૂ.સાધ્વીશ્રી વિપુલ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા બિરાજમાન છે. જેમના પરિવારના બે ઠાણા પ.પૂ.સા.શ્રી હિતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.આ.શ્રી નિર્મીતગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૨ ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં આ વર્ષે ચાતુર્માસ સાથે પધારવાના છે.




## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પ.પૂ.ધર્મ પ્રભ સાગરજી મ.સા.આદિઠાણાનું હુબલી સંઘમાં ચાતુર્માસ નિર્ધારીત

પ.પૂ.ધર્મ પ્રભ સાગરજી મ.સા. આદિઠાણાનું હુબલી સંઘમાં ચાતુર્માસ નિર્ધારીત થયેલ છે. તેઓશ્રીની જય બોલાવા હુબલી સંઘ ગદગ ગામે આવી જય બોલાવી. પૂજ્ય શ્રી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ હુબલી સંઘમાં ૬ જુલાઈ ૨૦૧૯ શનિવારે વાજતે ગાજતે થશે.








**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

- Air Tickets
- Destination Wedding
- Spiritual & Wellness Tourism
- Adventure & Sports Tourism
- Bollywood & Cinema Tourism
- M.I.C.E. Operator
- Inbound & Outbound Tours
- Worldwide Cruise & Hotel Booking
- Visa / Passport Assistance
- Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India

+91-22-2501 3810/11/12 olympia_tours@hotmail.com; info@olympiatourism.in;

+91-93240 58413 www.olympiatourism.in

IATA Accredited Agent

# શ્રી ક.દ.ઓ. સંઘ ભાંડુંપમાં ૭૪મો ધ્વજા મહોત્સવ ઉજવાયો










શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપમાં દેવાધિદેવ આદિનાથ દાદા જિનાલયનો ૭૪ ધ્વજો મહોત્સવ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાયો. ગુરૂ ભગવંતોની પાવન નિશ્રા અને સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓની બહોળી ઉપસ્થિતમાં વિવિધ ધાર્મિક વિધિ વિધાનો સાથે ઉજવણી સંપન્ન થઈ હતી.

# પ.પૂ. વિશ્વ લતાશ્રીજી મ.સા.ની તૃતીય સ્વાર્ગારોહણ તિથિ નિમિત્તે મહાવ્રતનો મહિમા મહોત્સવ દ્વારા ભાવાંજલિ અપાઈ



શ્રી ભાડુંપ અચલગચ્છ જૈન સંઘ ભાંડુપ દ્વારા તા. ૧૪ જૂન ૨૦૧૯ શુક્રવારે સવારે ૯ કલાકે પ.પૂ.વ.ત. સાધ્વી વર્યાશ્રી વિશ્વ લતાશ્રીજી મ.સા.ની તૃતીય સ્વર્ગારોહણ તિથિએ સ્મરી વિશિષ્ટ ગુણેથી સુસજ્જ દીર્ઘ સંયમી એવા પુણ્ય ઉપકારીશ્રીનું શ્રી વિરલભાઈ દ્વારા રજૂ મહાવ્રતનો મહિમા મહોત્સવનો સંગીત મય કાર્યક્રમ યોજાયો દેશા વગાસિક સામવિક આરાધના સાથો સાથ થઈ બહોળી સંખ્યામાં ગુરૂભક્તો. સકળ સંઘના સૌએ ગુરૂભક્તિના આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતા.





**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# એલ એન્ડ ટી સ્કોલરશીપ મેળવનાર ચિંતન ચેતન મુનવર



મૂળ ગામ જખૌના હાલે બેલ્લારી (કર્ણાટક) ના શ્રીમતી પ્રીતિબેન ચેતન મુનવરના પુત્ર નવલબેન સોમચંદના પૌત્ર ચિંતન જે દર્શનાબેન પતિ અને નલિયા હાલે યવતમાળના ઉર્મિબેન ઉદય ધરમશીના જમાઈ છે. તેઓ CGPA ૧૦ માંથી ૯.૭૧ ગુણાંક મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. M.Tech in Construction Technology and Managementની પરીક્ષામાં.

આ કોર્સ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી કર્ણાટક સુરતકાળમાંથી કર્યુ છે. બે વર્ષ એલ એન્ડ ટી ચેન્નઈમાં કાર્યરત રહ્યાં બાદ તેઓ નેશનલ લેવલએ લાર્સન એન્ડ ટુબ્રો (એલ એન્ડ ટી)ના દ્વારા Build India Scholarship માટે પસંદગી પાત્ર થયા છે.

ટૂંક સમયમાં તેઓ એલ એન્ડ ટી કન્સન્ટ્રકશનમાં આંસિસ્ટન્ટ મેનેજર તરીકે જોડાશે. તેમની સિદ્ધિ અને સફળતાની અનુમોદના. સંપર્ક માટે ૯૫૩૫૭૭૭૭૨૭.

# સાંધાણ નગરે પંચાન્હિકા મહોત્સવ તથા પાંચ દેરીઓમાંની પુનઃપ્રતિષ્ઠા



સાંધાણ નગરના શ્રી શાંતિનાથ દાદાના નવ ટૂંક દેરાસરજીનો જીર્ણોધ્ધારની પૂર્ણાહુતિ પછી પંચાન્હિકા મહોત્સવ દ્વારા પાંચ દેરીઓમાં પુણ્ય પ્રતિષ્ઠા આચાર્ય મહારાજ સાહેબ શ્રી ગુણોદય સાગરજી એ માગસર સુદ બીજને તા. ૨૮ નવેમ્બર ૨૦૧૯ સુનિશ્ચિત કરી છે.

આ પંચાન્હિકા મહોત્સવની ઉજવણી તા. ૨૪ નવેમ્બર ૨૦૧૯ થી તા. ૨૮ નવેમ્બર ૨૦૧૯ માં થશે. આ ભવ્ય કાર્યક્રમમાં સૌ ગામવાસીઓ નિયાણીઓ સાથે સમ્મલિત થઈ આનંદ ઉમંગથી જોડાયાનં હાર્દિખ નિમંત્રણ છે.

આ ભવ્યાતિ ભવ્ય પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન અનેક ધાર્મિક વિધિ વિધાન અને પૂજાના કાર્યક્રમ યોજવામાં આવશે. જેની વિગતો તા. ૧૪ જુલાઈ ૨૦૧૯ના શ્રી નરેન્દ્રભાઈ નંદુ દ્વારા રજૂઆત કરાશે.

# શત્રુંજય એકેડમી દ્વારા ઓપન બુક એકઝામનું આયોજન




તપ ચક્રવતી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત થયેલ 'સંબોહ સતરિ' પુસ્તક આધારિત ઘરબેઠા પરીક્ષા ઓપન બુક એકઝામનું આયોજન શત્રુંજય એકેડમી દ્વારા કરવામાં આવ્યું છે. નિમ્નલિખિત સરનામે વહેલા તે પહેલાના ધોરણે રૂા. ૧૦૦ ભરીને પુસ્તક પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર મેળવી લેવા અને પરીક્ષાર્થી તરીકે નામ નોંધાવી પ્રવેશ મેળવી લો.

પ્રવેશ અને પુસ્તક મેળવવા માટેનાં સરનામા સુશ્રાવિકા લતાબેન એમ. વીકમશી ૨/૮ અનંત નિવાસ ૨૬૨/૭૦ નરશીનાથા સ્ટ્રીટ ભાતબજાર મું. ૯. મો.: ૯૩૨૩૯૪૪૧૧૭. અ.સૌ.મનીષાબેન એચ. ખોના, ૧૦૬, અનંતછાયા, ૬૦ ફૂટ રોડ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ-૭૭. મો.: ૯૬૬૪૭૯૮૩૯૮. અ. સૌ. હીનાબેન જે. રણબીર, બી/૯, સ્વપ્નીલ સોસાયટી, જી.વી સ્કીમ રોડ નં-૨, મુલુંડ-ઈ, મુંબઈ. મો.: ૯૯૨૦૦૨૬૫૨૭.

# રાજકારણમાં ગજું કાઢતો જ્ઞાતિનો યુવાન






મૂળ નાની સિંધોડીના હાલે રાયપુર (છતીસગઢ)ના અમિત હીરાચંદ શાહ મૈશેરી હાલે ભારતીય જનતા પક્ષ છતીસગઢ યુવા મોરચાના સેક્રેટરી તરીકે કાર્યરત છે. તેમના દાદાશ્રી વેરશીભાઈ મૈશરી રાયપુરમાં આવી વસવાટ કરનાર કેડીઓ સમાજમાંથી પ્રથમ એવા અગ્રણી હતા.

યુવા પ્રતિભા અમિત મૈશરી જનરલ સેક્રેટરી ભાજપ યુવા મોરચા રાયપુર નગર, એક્ઝિટ્યુટ મેમ્બર ભાજપ યુવા મોરચા છતીસગઢ, એકસ રાજ્ય ઓફિસ કોડિનેટર ઈન ચાર્જ ભાજપ યુવા મોરચા છતીસગઢ, એક્સ સ્ટેટ પ્રેસિડન્ટ કે.ડી.ઓ. જૈન યુવા મંડળ રાયપુર છતીસગઢ તેમની રાજકીય કારકીર્દી ઉતરોતર પ્રગતિમય રહે એજ શુભકામના.



# મુમુક્ષુ પ્રતીક અજીત છેડાની દીક્ષા મહોત્સવ તિથિ નિર્ધારિત

મૂળ કાંડાગરા હાલે વડાલા (મુંબઈ)ના માતા સીમાબેન અને અજીતભાઈ મોરારજી રતનશી છેડાના પુત્ર મુમુક્ષુ પ્રતીકનો તા. ૪ જૂન ૨૦૧૯ ના ભોરારા ગામે મહોત્સવ દરમ્યાન દિક્ષાનું મુહૂર્ત પ્રદાન કરાયું તે મુજબ કારતક વદ ૯ બુધવાર તા. ૨૦ નવેમ્બર ૨૦૧૯ કાંડાગરા કચ્છ મુકામે દીક્ષા મહોત્સવ થશે.



## મુંબઈના વિદ્યાર્થીઓએ બનાવી 'આર્ટિમીસ' નામની વંડર ઈલેક્ટ્રીક કાર

# જર્મનીમાં યોજાનારી ફોર્મ્યુલા રેસિંગ સ્પર્ધામાં મુલુંડની સંજના ધુલ્લા ભાગ લેશે



જર્મનીના હોકેનહેમરિંગ શહેરમાં યોજાનારી વૈશ્વીક વિદ્યાર્થીઓ ફોર્મ્યુલા રેસિંગમાં કે. જે. સોમૈયા કોલેજ ઓફ એન્જિનીઅરીંગની ટીમ ઓરિયનના ૨૬ વિદ્યાર્થીઓ ભાગ લશે. કોલેજના ૬૦ વિદ્યાર્થીઓએ ભેગા મળીને આર્ટિમિસ નામની કાર બનાવી છે. ફક્ત ચાર સેકન્ડની અંદર ઝીરો કિ. મી.થી ૧૦૦ કી.મી. પ્રતિ કલાકની સ્પીડ હાંસલ કરી શકે છે. સોમવારે આ કારને વિદ્યાર્થીઓએ જાહેરમાં મૂકી હતી.

ફોર્મ્યુલા રેસ કાર સ્ટુડેન્ટ કોમ્પિટિશન જર્મનીમાં ૫મીથી ૧૧મી ઓગસ્ટ દરમિયાન યોજાવાની છે. હકીકતમાં આ ઇવેન્ટમાં વિવિધ દેશની કુલ ૧૨૦ ટીમો ભાગ લેવાની છે. આ વખતે વિવિધ ટીમોને પોતે બનાવેલી કાર રજૂ કરવાની તક પણ આપવામાં આવી છે.

ફોર્મ્યુલા સ્ટુડેન્ટ રેસિંગની દેશની પહેલી મહિલા ડ્રાઇવર સંજના ધુલ્લા જર્મનીમાં યોજાનારી સ્પર્ધામાં કાર ચલાવશે. સંજનાએ જણાવ્યું હતું કે ઈલેક્ટ્રિક વાહનોનું ભવિષ્ય ઉજળું હોવાથી અમે આ વખતે પહેલી જ વાર અમે આ ઇલેક્ટ્રીક કાર બનાવી છે. આખી કારની ડિઝાઈનથી લઈને તેના વિવિધ ભાગો સુધી બધું જ નવું તૈયાર કરાયું છે. મોટર અને બેટરી રિયરમાં ગોઠવવામાં આવ્યાં છે. એક ચાયનીઝ ઉત્પાદક પાસે નાનાં- નાનાં સેલ્સ લઈને જરૂર અનુસાર મોટર તૈયાર કરવામાં આવી છે.

જો મારા કોઇ જૂનિયરને કાર બનાવવા માટે અમારી સેવા જોઈતી હોય તો અમે આપીશું. ઈલેક્ટ્રિક કાર માટે વિખ્યાત ટેસ્લા કમર્શિયલ વેહિકલ ઉત્પાદક છે, જ્યારે અમારું તેવું નથી. આમાં વજન અને એક્સિલરેશન વધુ જોઈતું હોય છે. તે મુજબ તેને તૈયાર કરવામાં આવે છે. આમાં ઈલેક્ટ્રોનિક્સ, મેકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન, કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થી ઓ સંકળાયેલા હતા. આ વખતે મારું છેલ્લું વર્ષ છે. આગામી વર્ષે મારા જુનિયર્સ અન્ય કોઈ કાર બનાવે અને અમારી સેવા જોઈતી હોય તો અમે જરૂર આપીશું, એમ પણ સંજનાએ જણાવ્યું હતું. જર્મનીમાં ૪૦ વિદ્યાર્થીઓ જશે, જેનું નેતૃત્વ શ્રેયા રાજમાને કરશે, જ્યારે રેસિંગ કાર સંજના ધુલ્લા ચલાવશે. ટીમે છેલ્લા ૧૫ મહિનાથી તેમનું પ્રથમ ઈલેક્ટ્રિક વાહન આર્ટેમિસના રિસર્ચ, ડેવલપમેન્ટ, ડિઝાઈનિંગ, મેન્યુફેક્ચરિંગ અને વેલિડેશન માટે કામ કર્યું છે. એક બેઠક સાથેની આ ફોર્મ્યુલા સ્ટુડન્ટ રેસ કાર ૨૩૦ કિલો વજનની છે.

આ સ્પર્ધામાં દુનિયાભરની ૧૨૦ ટીમો તેમની ડિઝાઈન, એન્જિનિયરિંગ પ્રોજેક્ટ મેનેજમેન્ટ કુશળતાઓ બતાવશે. ટીમે પર્યાવરણ અનુકૂળ વિકલ્પ પસંદ કરવા માટે છેલ્લાં ૧૨ વર્ષમાં ૧૨ વાહનો દોડાવ્યાં પછી આ વખતે પહેલી વાર ઈલેક્ટ્રિક વાહનને સ્પર્ધામાં ઉતારવાનું નક્કી કર્યું છે. આ ઈલેક્ટ્રિક કાર હોવાથી તે ફોસિલ ફ્યુઅલ્સના કોઈ પણ ઉપભોગ વિના દોડે છે. ફાજલ સ્થિતિમાં ઊર્જા ઓછી થતી નથી. તેમાં ઉત્સર્જન નથી અને મોટર દ્વારા પેદા કરાતો અવાજ પેટ્રોલ એન્જિનની તુલનામાં બહુ ઓછો છે. કસ્ટમ ચાર્જર ૨૫૦ વોલ્ટ એસી અને ૨૫ એમ્પિયર રેટેડ આઉટલેટ પર ચાલે છે, જે આ કારની બેટરીઓ ચાર્જ કરવા માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. તેને ચાર્જ કરવા માટે ૩.૩ કિલોવેટ પાવરની જરૂર પડે છે. મોટર ૮૦ કિલોવેટ પાવર આઉટપુટ ધરાવે છે. ચાર્જ કરવા માટે તે ૩ કલાક લે છે. એક વાર ચાર્જ થઈ ગયા પછી કાર ૬૦ કિમી દોડે છે. એક ટીમ સભ્ય કાર્તિક ગાંધીએ જણાવ્યું હતું કે પ્રથમ વર્ષથી આખરી વર્ષના વિદ્યાર્થીઓ ટીમમાં છે, જેનાથી ઉત્તમ અનુભવ સૌને મળે છે. ફેકલ્ટી અને મેનેજમેન્ટ પાસેથી ટેકો અને ગાઈડન્સ મોટો ફરક લાવે છે.

# અચલગચ્છીય કચ્છી સમાજના બાલ ગોપાલો માટે ૧૦૮ પાર્શ્વનાથના ૧૦૮ એકાસણા તપનું ભવ્ય અભિયાન

પ.પૂ.દેવરક્ષિત મ.સા.ની પ્રેરણાથી, પ્રવચન પ્રભાવક, ગચ્છગૌરવ પ.પૂ.દેવરત્નસાગરજી મ.સા.ની છઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ૧૧૦૦૦ એકાસણાની પૂજ્યશ્રીની ભાવના પૂર્ણ કરવા અચલગચ્છીય કચ્છી સમાજના બાલ ગોપાલો માટે નિત નવલું નઝરાણું સમું ૧૦૮ પાર્શ્વનાથના ૧૦૮ એકાસણ તપનું ભવ્ય અભિયાન. આ અભિયાનમાં જે જોડાશે તેનું કોઈ વિચારી ન શકે, ન કલ્પી શકે તેવું કેવીઓ પત્રિકામાં નામનો ઉલ્લેખ કરી યોગ્ય સમયે તે તપસ્વીનું શાનદાર, જોરદાર ધામકેદાર ભવ્યાતિભવ્ય રાજશાહી, ઠાઠમાઠથી થાશે બહુમાન રૂ.પાંચ હજાર અથવા સાયકલ દ્વારા કરાશે.

એક એકાસણાથી અધધધ એવા અનેક લાભ જેમાં શ્રાવક ધર્મના કર્તવ્યને પાળતા મારા પ્રભુની આજ્ઞાનું સાથે પાલન. ગુરૂદેવના ઉપકારો પ્રત્યે ઋણ અદા કરવાનો મળશે અવસર. તપના સંસ્કારો પડશે. રાત્રિ ભોજનના મહાપાપથી બચી જવાશે. ગરમ પાણી ભાવતું થઈ જશે. ઊભા ઊભા હાલતા ચાલતા ચરવાનું બંધ થઈ જશે. તનની અને મનની શુદ્ધિ થશે. સાધુ સાધ્વીજી ભગવંતને સૂઝતા ગોચરી પાણીનો લાભ મળશે. અભક્ષ્ય અનંત કાયના ઢગલા બંધ પાપથી બચાશે. પાંચમ, આઠમ, પૂનમ, અમાસ આદિ તિથિની સમજ પડશે. હોટલ રેસ્ટોરન્ટ જવાનું બંધ થશે. એક સ્થાને સ્થિર બેસી વ્યવસ્થિત વાપરવાની ટેવ પડશે. રોજ રોજ સાંજે શું બનાવવું તે ચિંતાઓથી મમ્મીઓ મુક્ત થશે.

શરીરમાં રહેલી ખોટી ચરબી, મેદપણું ઘટશે શરીરમાં સ્ફુર્તિ લાગશે. સમયની બચત થશે. એઠું મુકવાના પાપથી બચાશે. શારિરીક, માનસિક, આધ્યાત્મિક લાભ થશે. તમે નહીં ઈચ્છો તોય તપસ્વી શાતામાં છો... શાતામાં છો... લોક કહેશે. માન પાન મળશે. એક અલગ છાપ ઊભી થશે. નાની વયમાં તમારી આવી સુંદર આરાધના તપસ્યા પ્રેરણા લેવાનું મન થાશે.

આ અગાઉ ગુરૂદેવની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સામૂહિક ૧૦૦૮ અઠમો થઈ જેના પારણા ઘાટકોપર જીરાવલ્લા આંગણે થયા. ગુરુદેવની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ અચલગચ્છમાં ડોંબિવલીમાં પ્રથમવાર એક જ તારીખે એક જ દિવસે એક જ સ્થાને સામુહિક ૧૦૦૮ આયંબિલની ટહેલ નાંખેલ અને રેકોર્ડ બ્રેક ૧૬૫૦ આયંબિલો થયા. ચાતુમાર્સે ચાર માસ દરમ્યાન નાલાસોપારા ૫૦૦૦ આયંબિલ, નવી મુંબઈ ૫૦૦૦ આયંબિલ ડોંબિવલીમાં ૧૧૦૦૦ આયંબિલ થયા. નાલાસોપારા-૩૫, ડોંબિવલી-૫૫, ઉદયપુર-૭, નવીમુંબઈ-૫૩ આમ ૧૫૦ લોકોએ ચાતુર્માસમાં વર્ધમાન તપના થડા(પાયા), તો ડોંબિવલીમાં ૨૭૫, નાલાસોપારા ૧૨૫, નવીમુંબઈ ૧૨૦, બાડમેર ૧૧૫, નવનીતનગર ૫૧, કેસરીયા છરીપાલીત સંઘમાં ૧૧૧ પૌષધો થયા. આમ તપ ધર્મનો જય જયકાર થવાના અવસરમાં પૂણ્ય ભાગ લેવાની તક છે.

# પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયની ૧૬૫મી વર્ષગાંઠ ઉજવાઈ

અત્રે શ્રી પરજાઉ નગરે શ્રી ચંદ્રપ્રભ સ્વામીની ૧૬૫મી વર્ષગાંઠ તથા શ્રી શીતલનાથ ભગવાનની -૪ થી વર્ષગાંઠ નિમિત્તે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મુક્તિરત્નસગારજી મહારાજ સાહેબની નિશ્રામાં ત્રિદિવસીય મહોત્સવ વૈશાખ સુદ-૧૦ થી વૈશાખ સુદ ૧૨ સુધી ઉજવાયો જેમાં દેશ-દેશાવરથી બહોળી સંખ્યામાં પરજાઉ વાસીઓ તથા નિયાણી બહેનો પધાર્યા હતા.

મૂળ નાયકની ધ્વજાનો લાભ માતૃશ્રી હિરાવંતીબેન લહેરચંદ મેપાણી પરિવાર હ.-સુપુત્ર શ્રી નયનભાઈએ લીધેલ શ્રી અનંતનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી ઝમકુબાઈ ઝવેરચંદ નાગડા પરિવાર હ. સુપુત્ર શ્રી દિલીપભાઈએ લીધેલ. શ્રી શાંતિનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી રતનભાઈ આણંદજી દંડ પરિવાર હ. સુપુત્ર શા. લહેરચંદભાઈએ લીધેલ તથા નૂતન ડેરીમાં મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદ મેપાણી પરિવાર હા. સુપુત્ર નયનભાઈએ લીધેલ તથા મૂળનાયકની ડાબી બાજુશ્રી સુમતિનાથ ભગવાનની ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હા. સુપુત્ર શ્રી ગુલાબભાઈએ લીધેલ તથા મૂળનાયકની જમણી બાજુશ્રી ચંદ્રપ્રભ સ્વામીની ધ્વજાનો લાભ માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ ભક્તિ ભાવના તથા પ્રથમ દિવસે અઢાર અભિષેક કરવામાં આવેલ વિધિકાર શ્રી જિગરભાઈ સંઘવી (ભુજ) તથા સંગીતકાર શ્રી ઈરફાનભાઈ મીર (માંડવી) હતા.

# મિડડે-ગુજરાતી પેપરએ ભાવિની લોડાયા લેખિત કચ્છની દીર્ઘદ્રષ્ટિવંત કચ્છી દસા ઓસવાલ જ્ઞાતિનો ઈતિહાસ અને સમસ્ત મહાજનની પ્રવૃત્તિઓની વિસ્તૃત નોંધ લીધી







દરેક જ્ઞાતિની કંઈક કહાની છે. નાનકડા લેખમાં સંપૂર્ણ સમાવેશ તો કદાચ સંભવ ન થઈ શકે, પણ નાનકડી માહિતી સંપૂર્ણતા સુધી પહોંચવાનું પગથિયું બની શકે માટે આપ સમક્ષ કચ્છની જ્ઞાતિની સફર કરાવી રહ્યાં છીએ. આ વખતે આપણે જાણીશું દીર્ઘદ્રષ્ટિવંત દસા ઓસવાલ જ્ઞાતિ વિશે.

કચ્છ અને હાલારમાં સ્થળાંતર થયેલા કચ્છી ઓસવાલોમાંથી વેપારના મથક મુંબઈ નગરીમાં આવનારી સૌપ્રથમ ભાટિયા કોમ પછી દસા ઓસવાલ કોમ હતી. સંપૂર્ણ અચલગચ્છીય એટલે કે માત્ર દેરાવાસી, ખેડૂતનો મૂળ વ્યવસાય ધરાવનાર કોમના વિકાસમાં જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશીનાથાનું યોગદાન અભૂતપૂર્વ છે. કચ્છના અબડાસા વિસ્તારના નલિયા ગામમાં રહેતા શેઠશ્રી નરશીનાથા દુષ્કાળ અને ધરતીકંપને કારણે વહાણમાં બેસી પિતા સાથે મુંબઈ આવ્યા. વિકાસ પામતા મુંબઈમાં પાણી પીવડાવવાની સુવિધા ન હતી. તેમણે સ્વચ્છ પાણી પીવડાવવાનું શરૂ કર્યું. ભાટિયા, પારસી, ખોજા, મેમણ અને લુહાણા કોમના વેપારીઓ સાથે સંપર્ક વધ્યા. તેઓ વ્યાપાર વિશે માહિતગાર થવા લાગ્યા સાહસિક વૃત્તિ અને નસીબ સાથ આપ્યો અને ધંધો ખૂબ વધ્યો. માણસોની જરૂર વધી જેથી કચ્છ જતાં વહાણોમાં જ્ઞાતિબંધુઓને મુંબઈ બોલાવવા લાગ્યા. કચ્છથી આવનારા જ્ઞાતિબંધુઓના ઉતારા તેમ જ ખાવાપીવાની વ્યવસ્થા કરી. શિક્ષિત કરવા માટે ભાષાનું જ્ઞાન તેમ જ ગણિત શીખવાડવાનું આયોજન કર્યું. જ્ઞાતિજનો ઉપર આવે એ ઉત્કૃષ્ટ ભાવના હતી. એ જ સમયમાં પોતાના જ્ઞાતિજનો પ્રયત્નશીલ રહેનાર કચ્છના ધનકુબેર તરીકે પંકાયેલા જ્ઞાતિ મુકુટમણી શેઠશ્રી કેશવજી નાયકે કચ્છ ગામ લાખણિયાથી ૧૦ વર્ષની ઉંમરે મુંબઈ પ્રયાણ કર્યુ. રૂનો વેપાર કરનાર કેશવજી નાયકને અંગ્રેજ ગવર્નર તરફથી જસ્ટિસ ઓફ પીસનો ખિતાબ મળેલો અને મુંબઈ સુધરાઈનો વહીવટ ચલાવવા નિમાયેલી જસ્ટિસ કમિટીના તેઓ સભ્ય હતા. તેમને એક વિશેષ અધિકાર આપવામાં આવ્યો કે તેઓ જ્યાંથી પસાર થાય ત્યાં જો ફાંસીની સજા અપાતી હોય તો પણ અટકી જાય. આ અધિકાર અર્થે તેઓએ ઘણા નિર્દોષોના જીવ બચાવવાના પ્રયાસ કર્યા. નરશીનાથા અને કેશવજી નાયકના જીવનચરિત્રો વિશે વિશેષ અંકમાં આપણે અવશ્ય જાણીશું. પરંતુ જ્ઞાતિરત્નોની ઓળખની ઝાંખી વગર જ્ઞાતિકથા અધૂરી રહે. પોતાના જ્ઞાતિબંધુઓની રહેવાની સુવિધા કરાવવા અર્થે તેમણે મુંબઈના મસ્જિદબંદરમાં ભાતબજારમાં આવેલું અનંત નિવાસ, અનંત ભુવન, જથ્થાવાળો એમ ૧૯ થી ૨૦ બિલ્ડીંગ બનાવી નજીવા પૈસા કે જેની પાસે પૈસા ન હોય તો પૈસા વગર રહેઠાણની વ્યવસ્થા કરી. ભાંડુપમાં અનંત સિદ્ધિના ચાર બિલ્ડીંગ છે અને ઘાટકોપરમાં અનંતછાયા જ્યાં ૧૯૮૩માં લકી ડ્રોમાં નજીવા રેન્ટ પર લોકોને ઘર દ્વારા રીડેવલપમેન્ટ કર્યા બાદ ૨૦૧૭માં પોતાની માલિકીના ધોરણે

## મિડડે-ગુજરાતી પેપરએ ભાવિની લોડાયા લેખિત કચ્છની દીર્ઘદ્રષ્ટિવંત કચ્છી દસા ઓસવાલ જ્ઞાતિનો ઈતિહાસ અને સમસ્ત મહાજનની પ્રવૃત્તિઓની વિસ્તૃત નોંધ લીધી

આપવામાં આવ્યાં. કાંજુરમાર્ગમાં ૩ બિલ્ડીંગ ૨૦૦૧ માં ૮૦૦ રૂપિયાના બાંધકામની કિંમતે આપવામાં આવ્યાં. મુંબઈમાં જ્યારે જૈન દેરાસર બન્યાં એમાં પહેલા નંબરે જાણીતું એવું પાયધુનીનું દેરાસર અને ત્યાર બાદ કચ્છી દસા ઓસવાલનું ભાતબજારમાં આવેલું અનંતનાથ દેરાસર બીજા ક્રમાંકનું છે નરશીનાથા શેઠ અને વડીલો દ્વારા સ્થાપિત મુંબઈ મહાજન કચ્છી દસા ઓસવાલ જ્ઞાતિનું શિરમોર મહાજન છે. ભાતબજારમાં આવેલી નરશીનાથા સ્ટ્રીટ અને ત્યાં થોડે દૂર આવેલો કેશવજી નાયકનો ફુવારો એ ગૌરવવંત છે.

આગળ વધારતા મહાજનના સભ્યોએ ખૂબ પ્રયત્નો કર્યા અને **દસાઓને નવી દિશામાં વિકાસ કરાવવા કે.ડી.ઓ.ના ૧૧૦ મહાજનને સંપૂર્ણ આવરી અને સાથે મળી નવા કાર્ય કરાવવા સમસ્ત મહાજનની શરૂઆત થઈ. દરેક જ્ઞાતિજનોને સાથ આપી સક્ષમ બનાવવા ઘણી બધી યોજનાઓ હાલમા ચતુર્થ સંમેલનમાં અમલમાં મુકાઈ.**

**જ્ઞાતિજનો માટે યોજનાઓ**

૧) નારી સશક્તિકરણ માટે ઘરે-ઘરે બિઝનેસ કરી શકે એ માટેની યોજના.

૨) સંજીવની યોજના જે મુજબ અરજી કરનાર દરદીનાં પેપરી ડૉક્ટરી ટીમને મોકલવામાં આવે અને વેરિફાઈ થઈ તરત સહાય આપવામાં આવે અને જો વધુ જરૂરિયાત હોય તો એ માટે સંજીવની-ઍપ દ્વારા ક્રાઉડ ફન્ડ દ્વારા સહાય મેળવી શકાય છે.

૩) શૌક્ષત્રિક ક્ષેત્રમાં ૧૦૦ વર્ષ પહેલાં બંધાયેલી શેઠશ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ જે ઘાટકોપર કામા લેન પર છે જ્યાં મુંબઈ તેમ જ મુંબઈ બહાર વસવારા વિદ્યાર્થીઓ માટે તમામ સુવિધાઓ છે.

૪) જ્ઞાતિજનો માટે ૧૯૮૧માં સ્થાપિત થયેલ શ્રી અરિહંત કો-ઑપરેટિવ બેંન્કની આજે ૧૦ શાખાઓ છે.

૫) દિવ્યાંગ યોજના મુજબ જે દિવ્યાંગ આર્થિક રીતે નબળા હોય તેમને મહિને ૪૦૦૦ની સહાય સમસ્ત મહાજન દ્વારા આપવામાં આવે છે.

૬) આવી બીજી અનેક યોજનાઓ અને ભાવિ યોજનાઓ સમસ્ત મહાજન દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.

૭) માત્ર ૩૦,૦૦૦ની વસ્તી ઘરાવનાર દસા ઓસવાલની સક્ષમતા એના દીર્ઘદ્રષ્ટિકોણને લીધે છે. દરેક ક્ષેત્રમાં આગળ હોવાની સાથે ધાર્મિક પરંપરાને પણ જાળવી રાખી છે. પાલિતાણા જેવા ધાર્મિક અને ઐતહાસિક તીર્થમાં નરશીનાથાની ટૂંક અને કેશવજી નાયકની ટૂંક છે. તળેટીની ઉપર ધર્મનાથ ભગવાનનું દરેસરએ ગોવિંદજી જેવત ખોના દ્વારા સ્વદ્રવ્યથી થયેલ નિર્માણનું ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત છે. હાલમાં જ શ્રી હિતેશ મોતા દ્વારા પાલિતાણા તીર્થમાં અજિત શાંતિની દેરીનું જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું . આમ દસાઓ દશે દિશામાં ખૂબ પ્રગતિ કરે એ માટે અગાઉના દરેક પ્રમુખ અને માજી પ્રમુખ શ્રી નયન ભેદાની ૫૧ જણની ટીમ અનંત યુવા શક્તિ નવી રૂપરેખાના પ્રયત્ન કાર્ડના ચેરમેન કુમારભાઈનું કહેવું છે કે લોકો જોડાય અને સાથે મળી જ્ઞાતિ સંપૂર્ણ મજબૂત બને એજ અભ્યર્થના.

## સુરત નગરે ગુરૂવર્ય ઉદયરત્ન સાગરજી મ.સા. પધારી સૌભાગ્ય ભરી નિશ્રા પ્રદાન કરશે

સિલ્ક સિટી ગુજરાતના સુરત નગર જનોના દિલમાં વસેલા અને આસ્થાનું કેન્દ્ર રહેલા મેવાડ દિવાકર જ્યોતિષાચાર્ય ગુરૂદેવ સર્વોદય સાગરજી મ.સા.ની કૃપાવંત આધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.સુરતના કામ રેજ નગરમાં તા. ૧૬ જૂન રવિવાર રોજે સવારે મંગલ પ્રવેશ કરશે.

ગુરૂદેવ બે દિવસની સ્થિરતા સુરત નગરમાં રહેશે, બંગલા નં ૩, ભગવતી સોસાયટીની સામે, કામરેજ ચાર રસ્તા,સુરતમાં સોમવાર તા. ૧૭-૬-૨૦૧૯ સવારે ૭ થી ૯ મહામાંગલિક સાથે દર્શન વંદન વાણીનો લાભ લેવા સમસ્ત સંઘ શ્રાવક-શ્રાવિકાઓને પ્રેમભર્યુ આમંત્રણ છે.

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ફૂલ પાકજી ચૈતન્યપુરી નવગ્રહ મંદિર ચૈત્ય પરિપાટીનું આયોજન

શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલીની યાત્રા પ્રવાસ સમિતિ દ્વારા પ્રસ્થાન તા. ૧૦ ઓક્ટોબર ૨૦૧૯, ગુરૂવારથી આગમાન તા. ૧૪ ઓક્ટોબર સુધીનો ફૂલપાકજી, ચૈતન્યપુરી, નવગ્રહ મંદિર સ્થળોની સેવા પૂજા દર્શન સાથે રામોજી ફિલ્મ સિટી મુલાકાતનો પ્રવાસ આયોજન કરાયું છે. મુંબઈ હૈદ્રાબાદ મુંબઈ ટ્રેન દ્વારા અને હૈદ્રબાદથી હૈદ્રાબાદ બસ દ્વારા યાત્રા પ્રવાસ કરાશે. મુંબઈથી મુંબઈ સુધીનો યાત્રા પ્રવાસ દર રૂા. ૨૫૦૦ પ્રતિવ્યક્તિ દીઠ છે.

વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૧૦૦ યાત્રિકોને લઈ જવાનું હોતા મંડળ કાર્યાલયમાં પ્રવાસ દરની રકમ ભરી નામ નોંધાવી જવા. રામોજી ફિલ્મ સીટી સહ અન્ય સ્થળોની પ્રવેશ ફી સ્વ ખર્ચે રહેશે. તેમજ સમય સંજોગો અનુસાર અન્ય સ્થળોની મુલાકાત રહેશે.

નામ રદ થતા રકમ પરત ન મળતા ની શરતે નામ નોંધાવી જવા. યાત્રા પ્રવાસના નામ તા. ૩૦ જૂન૨૦૧૯ રવિવાર સુધી મંડળ કાર્યાલયના સમયે આધાર કાર્ડની ઝેરોક્સ પ્રત સાથે રૂબરૂમાં નોંધાવી જવા. યાત્રા પ્રવાસ દરમ્યાન સંજોગો વશાત કાર્યક્રમમાં ફેર બદલ કરવાનો હક પ્રવાસ સમિતિનો રહેશે. સંપૂર્ણ ચૈત્ય પરિપાટીનું આયોજન રેલ્વે ટિકીટની ઉપલબ્ધિ ઉપર રહેશે. યાત્રા પ્રવાસ માટે દાતાશ્રીઓ આવકાર્ય. વધુ વિગત માટે સંપર્ક શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિલીની કાર્યાલય તથા યાત્રા પ્રવાસ કન્વીનરની ચેતન લહેરચંદ નાગડા (નલિયા) મો.નં. ૯૮૨૦૧૦૫૦૭૮

# શ્રી ક.દ.ઓ મંડળ ડોંબિવલી દ્વારા ૪૩ મો શૈક્ષણિક સમારોહ ભવ્યતાથી યોજાયો

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીનો ૪૩મો શૈક્ષણિક સમારોહ તા. ૯ જૂન ૨૦૧૯ રવિવાર રોજ ખૂબ જ સરસ રીતે સંપન્ન થયું. સૌ પ્રથમ માતા સરસ્વતી દેવી તથા શેઠશ્રી નરશી નાથાની છબી ને હારા રોપણ કરાયું ત્યાર બાદ લાભાર્થી પરિવારના સભ્યોને મંચસ્થ આસન ગ્રહણ કર્યા બાદ નવકાર મંત્ર પઠન કરવામાં આવ્યું હતું.

મંડળ પ્રમુખશ્રી હેમંતભાઈ સૌને આદર પૂર્વક આવકાર આપી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. મંડળના મેગેઝિન તંત્રી ચેતન નાગડા શૈક્ષણિક અહેવાલ આપ્યો હતો. જ્યારે મંડળના સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઈ મોતાએ પોતાની આગામી શૈલીમાં સંપૂર્ણ કાર્યક્રમનું કુશળતા પૂર્વક સંચાલન કર્યુ હતું.

પધારેલ લાભાર્થી પરિવારોને પુષ્પગુચ્છ આપી બહુમાન કરાયું તેઓ એ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. ધો ૧ થી ૯ ધોરણના અંગ્રજી તેમજ ગુજરાતી મીડિયમમાં સૌથી વધુ ગુણાંક મેળવેલા પ્રથમ અને દ્વિતીય નંબરના વિદ્યાર્થી ઓને ટ્રોફી આપી બહુમાન કરાયું. નામોની રજૂઆત શ્રી ગિરિશભાઈ પટેલ અને શ્રી વિશ્વજીતભાઈ લોડાયાએ કરી હતી.

અરજી આપેલ દરેક વિદ્યાર્થીને દફતર તેમજ ગણવેશનું ફી વિતરણ કરાયું હતું. ૧૪૦ જેટલી અરજીઓ પ્રાપ્ત થઈ હતી. આ ઉપરાંત રાહત દરે શાળાપયોગી સ્ટેશનરી અને નોટબુકનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પધારેલ શ્રી રાયચંદભાઈ જીવાણીએ પોતાના આજના જન્મદિવસ પ્રસંગની ખુશાલીમાં સૌને અમુલ કોલ્ડની ઠંડી બોટલો સૌને આપી હતી. સગ્રમ કાર્યક્રમની તૈયારીઓ ચેરમેન સંજયભાઈ નાગડા તથા મંડળના સર્વે સભ્યોએ સુંદર રીતે કરી હતી. આભારવિધિ મંડળ ઉપપ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ ડાઘા દ્વારા કરવામાં આવી હતી.

# શ્રી ગોરેગાંવ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં પૂ.ગુરૂદેવની પધરામણી

તા. ૧૦ જૂન ૨૦૧૯ સોમવાર રોજે ગુરૂગુણ પાત્ર, કચ્છ કોહિનુર, મારવાડ રત્ન શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતીર્થ પ્રેરક પ.પૂ.મુનિરાજ કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજ શ્રી વિનયરત્નસાગરજી મ.સા. આદિઠાણા સવારે ૮ કલાકે વાજતે ગાજતે શ્રી ગોરેગાંવ અચલગચ્છ શ્વેતાંબરમૂર્તિપૂજક સંઘમાં પધરામણી કરી તેમનું સામૈયું સવારે ૭.૪૫ કલાકે અશોક સુપર માર્કેટ આરે રોડ પેટ્રોલ પંપ, એસ.વી.રોડ આગળથી કરવામાં આવ્યું. સકળ સંઘના બહોળી સંખ્યામાં શ્રાવક -શ્રાવિકાઓ આ અવસરે ઉપસ્થિત રહી ગુરૂવંદના ભક્તિનો લાભ લીધો હતો.

# શિવમસ્તુ તીર્થે ચાતુર્માસ પ્રવેશનો ભવ્ય સ્વાગત કાર્યક્રમ

તા.૧૪ જુલાઈ ૨૦૧૯ રવિવાર અષાઢ સુદ તેરસના દિને બપોરે ૪.૧૫ કલાકે આધ્યાત્મિક અને તત્વ રસ ભર્યા પ્રવચનો દ્વારા જૈન શાસન પ્રત્યે ઉછળતો અહોભાવ જગાડી દેનારા, યુવાવર્ગની નવચેતનાને જીવન જાગૃતિ, વૈરાગ્ય અને મોક્ષની લગની લગાડી દેનારા પ.પૂ.મુનિરાજ શ્રી પૂર્ણ ભદ્રસાગરજી મ.સા. તથા પ.પૂ.વૈરાગ્યમૂર્તિ બા મહારાજ, સાધ્વીશ્રી અમિત ગુણાશ્રીજી મ.ઠાણા-૩ના ચાતુર્માસ પ્રવેશ ભવ્યરીતે કરાશે. આ કાર્યક્રમમાં બપોરે ૪.૧૫ કલાકે સામૈયું બપોરે ૪.૪૦ કલાકે ઉપાશ્રય પ્રવેશ, ૫.૩૦ સુધી વ્યાખ્યાન, સાંજે ૫.૪૫ સુધી સંઘ પૂજન આદિ ૬.૪૫ સુધી ચોવિહાર સાધર્મિક ભક્તિ, ૭.૧૫ કલાકે પ્રભુઆરતી ગુરૂઆરતી અને ૮.૩૦ સુધી પ્રભુ ભક્તિ ભાવનાની રસલ્હાણ. આ પુનિત અવસરે ગુરૂભક્ત પરિવારો અને સકલશ્રી સંઘના સૌ સાજન મહાજનને પધારવા ભાવભીનું આત્મીયતા ભર્યુ આમંત્રણ શ્રી સમ્યગજ્ઞાન પ્રસારણ નિધિ ટ્રસ્ટ નલિયા હાઈવે રોડ, માંડવી શિરવા માંડવી કચ્છ મો.નં. ૭૫૬૭૦૯૯૮૫૯ના સમસ્ત ટ્રસ્ટીશ્રીઓ દ્વારા છે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા મોન્સુન પિકનિક

કે.ડી.ઓ.જૈન સર્વોદય મંડળ મહિલા વિભાગ દ્વારા વરસાદી માહોલને માણવા એક દિવસીય મોન્સુન પિકનિકનું આયોજન Silent Resort ખાતે શનિવાર, તા.૨૨-૬-૧૯ કરેલ છે. પિકનિકનો ચાર્જ રૂા.૧૦૦૦/- વ્યક્તિ દીઠ. જેમાં આઉટડોર ગેમ્સ, સ્વિમિંગ પુલ, વોટર રાઈડસ, બ્રેકફાસ્ટ, લંચ, હાઈ ટી, ડીનર તેમજ આવવા જવાનો ચાર્જનો સમાવેશ છે. ખાસ નોંધ : નામ વહેલો તે પહેલોનાં ધોરણે લેવામાં આવશે. પિકનિક ચાર્જ Non Refundable રહેશે. રજીસ્ટ્રેશન માટેનો છેલ્લો દિવસ તા.૧૮-૬-૨૦૧૯. બસ શીશુકુંજ, આંબેડકર રોડથી સવારે ૭ વાગે ઉપડશે. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : દીપા નાગડા-૯૨૨૪૩૪૫૦૦૦, રાની નાગડા-૯૩૨૪૫૪૪૫૨૪.







# ૧૦૮ એકાસણા તપ અભિયાનનું ભવ્ય આયોજન

અચલગચ્છીય કચ્છી સમાજના પાંચ વરસથી પંદર વરસ સુધીના બાલક બાલિકાઓ માટે ૧૦૮ એકાસણા તપ અભિયાનનું આયોજન કરાયું છે. ગુરૂદેવની પુણ્યતિથિ જેઠ સુદ બીજ છે તે પ્રમાણે ૧ જૂન ૨૦૧૯ થી ૧ જૂન ૨૦૨૦ સુધી એક વરસમાં ૧૦૮ એકાસણા પૂરા કરવાના રહેશે. જે દિવસે એકાસણું કરવાનું હોય તેના આગળના દિવસે રાત્રિ ભોજન ત્યાગ કરવાનું રહેશે. સૂર્યાસ્તથી ૧૦ મિનિટ પહેલાં ભોજન ત્યાગ. એકાસણામાં એક સ્થાને, એક આસને એક જ વાર ભોજન કરવાનું છે. એકાસણાના તપમાં સૂર્યાસ્ત બાદ પાણી પણ વાપરવાનું નથી (પાક્કો ચોવિહાર) એકાસણાના તપમાં અભક્ષ્ય, અનંત કાય, ચોકલેટ, પીપર, બિસ્કીટ, આઈસ્ક્રીમ, ફ્રીજવાળી વસ્તુ, બરફ કાચું પાણી, પાઉં, બ્રેડ આદિ તમામ વસ્તુ ન ચાલે તેથી તેનો ત્યાગ કરવાનો રહેશે. ઉપવાસ આયંબિલ-બિયાસણું જ્યારે પણ કરો ત્યારે તેની ગણતરી ૧૦૮માં કરવાની નથી. પર્યુષણના ૮ દિવસ જે પણ તપસ્યા કરો તેની ગણતરી ૧૦૮માં કરવાની નથી.

એકાસણું જ્યારે પણ કરો ત્યારે તમને આપેલી બુકલેટમાં તારીખ લખી ગણત્રી કરજો. એક એક એકાસણા દીઠ એક એક પાર્શ્વનાથની ક્રમ પૂર્વક એક માળા ગણવાની રહેશે. (જેથી ૧૦૮ પાર્શ્વનાથના નામ યાદ રહી જશે) એકાસણું કરવાના હોય એ દિવસે જો સુદ પાંચમ, સુદ આઠમ, વદ આઠમ, પૂનમ કે અમાસ હોય તો એ પાંચ તિથિએ ફરજિયાત તમામ લીલોતરીનું ત્યાગ કરવાનો રહેશે. (લીલોતરીમાં કડીપતા, લીંબુ, મરચાં, પપૈયા, કાચા પાકા કેળાં, કેરી, તમામ ફળ, તમામ શાકભાજી આદિનો ત્યાગ) એકાસણા અંતે ફરજિયાત થાળી પાણીથી ધોઈ રૂમાલથી કોરી કરવાની રહેશે. એકાસણાના પ્રારંભે અને અંતે ત્રણ નવકાર ગણવા. એકાસણમાં પોતે આસન પર બેસવું અને થાળી, પાટલા કે બાજોઠ પર પધરાવવી. એકાસણામાં આખો દિવસ ગરમ પાણી જ વાપરવાનું છે. ગરમ પાણી વાપરતા પૂર્વે અને અંતમાં ૧-૧ નવકાર ગણવાના અને જ્યારે જ્યારે ગરમ પાણી વાપરો ત્યારે દર વખતે ગ્લાસ રૂમાલથી કોરો કરવો.

૧૦૮ એકાસણમાં ફોર્મ મુંબઈના ૧૦ સેન્ટરો પાસેથી રૂા.૨૦ રોકડા આપી નીચે દર્શિત ૧૦ સેન્ટરો વ્યક્તિઓ પાસેથી મેળવી લેવા. ફોર્મ જ્યારે જમા કરાવશો ત્યાર તે એક નાનકડી બુકલેટ મળશે. ફોર્મ તા.૧૧ જૂનથી તા.૧૬ જૂન સુધી જ મળશે પછી પ્રાપ્ત નહી થાય. ભરેલા ફોર્મ તા.૧૬ જૂનથી તા.૨૦ જૂન ૨૦૧૯ સુધી જમા કરાવી શકાશે. ત્યારબાદ કોઈ ફોર્મ સ્વીકારાશે નહી. અમૂલ સ્ટોર, ૨૨ સ્મૃતિ કુંજ, એસ.બી.માર્ગ, મામા કાણે હોટલની બાજુમાં, દાદર (વેસ્ટ). સંપર્ક : ૯૯૨૦૬૩૯૦૦૬ તથા ૦૨૨ ૨૪૩૧૦૩૩૮. આ અભિયાન અંગેની પુછપરછ ભાઈઓએ મહેન્દ્રભાઈ ફૂરિયા (મેરાઉ-થાણા)-૯૦૨૯૭૭૭૭૯૧ જ્યારે બહેનોએ સ્નેહાબેન ગાલા (ગોધરા-સાંતાક્રુઝ)-૯૮૯૨૨૩૩૭૭૭ પાસે કરવી.

જ્યારે પણ બહુમાન સમારોહ યોજાશે ત્યારે બાળકોના ગ્રુપ બનાવી કરી ૧૦૮ પાર્શ્વનાથની કવીઝ યોજાશે. તેથી તમામ બાળકોએ ૧૦૮ પાર્શ્વનાથના નામ હમણાંથી યાદ કરવાનું કરજો. વિશિષ્ટ બહુમાન જે ૧૦૮ સળંગ ૧૦૮ એકાસણા કરશે તે નાનામાં નાની ઉમરના જે હશે તે તથા જે એકાંતરા ૧૦૮ પૂરા કરશે તે નાનામાં નાની ઉમરના જે હશે તેનું તથા અમને જે ગમશે તે (સર્વેનું).

૧૦૮ એકાસણા માટે બાળકો-બાલિકાઓને પ્રેરણા આપવાનું. વધુને વધુ પ્રચાર કરવા અચલગચ્છીય સર્વે સાધુ સાધ્વીજી ભગવંતો, સંઘના વડીલો, શાઈનીંગ સ્ટાર, રાઈઝીંગ સ્ટાર, વ્રજસ્વામિ આદિ તમામ પાઠશાળાના શિક્ષિકા બહેનોને નમ્ર આહવાન.

ફોર્મ પ્રાપ્તિ સ્થાન ડોંબિવલી (ઈસ્ટ) ધીરેનભાઈ-૯૯૮૭૦૩૨૫૬૫, નવનીત નગર-રિધ્ધેશભાઈ-૭૯૭૭૯૦૭૯૮૧, મુલુંડ (વેસ્ટ) જયંતિભાઈ-૮૩૬૯૨૬૬૨૨૦, ઘાટકોપર (પૂર્વ) શાંતિભાઈ-૯૦૨૯૭૧૦૨૩૯, દાદર (પૂર્વ) હસમુખભાઈ-૯૧૬૭૦૬૫૫૩૩, દાદર (વેસ્ટ) મહેન્દ્રભાઈ-૯૯૨૦૬૩૯૦૦૬, સાંતાક્રુઝ (પૂર્વ) જયંતિભાઈ-૯૮૨૧૮૯૯૭૩૦, બોરીવલી (વેસ્ટ) વસંતભાઈ-૯૮૨૦૩૪૧૮૬૬, નાલાસોપારા (ઈસ્ટ) ભવાનજીભાઈ-૯૯૭૦૬૬૧૪૪૦, નવી મુંબઈ દાણા બંદર નિતેશભાઈ-૯૩૨૩૯૯૩૨૮૨.




● મૂળ ગાંધીધામની દીકરી ડોલી આહુજા યુ.કે.માં યોજાયેલ મિસિસ ઈન્ડિયા યુ.કે.ની ફાઈનલ વિજેતા બનીને ગૌરવ વધાર્યુ છે. છેલ્લા ૧૨ વર્ષથી અત્રે રહેતી ડોલી ૩૦૦ સ્પર્ધકો વચ્ચે આખરી રાઉન્ડ માટે ૩૦ સ્પર્ધકોમાં ફાઈનલમાં પહોંચી હતી. ફેશન પરિચય, પ્રશ્ન રાઉન્ડ વિગેરેમાં ઉત્કૃષ્ટ દેખાવ સાથે નિર્ણાયકોના દિલ જીત્યા હતા. હવે આંતર રાષ્ટ્રીય મિસિસ યુનિવર્સમાં ભાગ લેશે.

● આદિપુર તોલાણી ફાઉન્ડેશન પોલીટેકનિક એસ.એફ.આઈ. ઈલેક્ટ્રીકલ ડિપાર્ટમેન્ટના અંતિમ વર્ષના છાત્રોએ સોલાર એનર્જીથી સંચાલિત ટ્રાઈસિકલને કોલેજના પ્રોજેક્ટ મેળામાં દ્વિતિય સ્થાન મેળવ્યું છે. ખાસ કરીને પગની ખામી ધરાવતાં વિકલાંગો માટે ડિઝાઈન કરવામાં આવેલ સોલાર પાવર જનરેશન અને ઈલેક્ટ્રીક વ્હીકલની ટેકનોલોજીને સંયોજિત કરીને ફક્ત રૂ.પંદર હજારમાં આ ટ્રાઈસિકલ તૈયાર કરાઈ છે.

● કચ્છનાં રેલ્વે સ્ટેશને આવતા દિવ્યાંગ અને વૃદ્ધ પ્રવાસીઓને થતી તકલીફ નિવારવા મદદરૂપ કરવા માટે દાતાના સહયોગથી ભુજ રેલ્વે મથકે ભુજ–ગાંધીધામ ભચાઉ, સામખિયાળી, દરેક રેલ્વે સ્ટેશને બે–બે આધુનિક વ્હીલચેર અર્પણ કરવાનો કાર્યક્રમ કચ્છ પ્રવાસી સંઘ દ્વારા યોજાયો. રૂ. ૨૦ હજારની કિંમતની એવી આઠ વ્હીલચેર કચ્છી વિશા ઓસવાલ, માનવ કલ્યાણ કેન્દ્ર હસ્તક નેમજી કરમશી ગંગર, કાંડાગરા દ્વારા આપવામાં આવેલ. પોતાનું ઓળખ કાર્ડ આપવાથી કોઈ પણ પ્રવાસીને વ્હીલચેર સગવડ અપાશે.

● કચ્છમાં રસ્તે રઝળતા માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા એકલા અટૂલા નિરાધાર માનસિક દિવ્યાંગોની વહારે ભુજની માનવ જ્યોત સંસ્થાએ કચ્છના ૧૦ તાલુકા મથકો અને ગામડા શહેરોમાંથી આવા લોકોને રામદેવ સેવાશ્રમ પાલારામાં મનોચિકિત્સક પાસે સારવાર કરાવી તેમની યાદાસ્ત તાજી થાય ત્યારે પોલીસ તંત્રની મદદ થઈ તેમના ઘર–પરિવાર શોધવા પ્રયત્નો આદરે છે. આમ બે વર્ષના ગાળામાં ૨૫૦ માનસિક દિવ્યાંગોને સ્વસ્થ બનાવી તેમના ઘરે પહોંચાડયા છે. છેલ્લા ૧૫ વર્ષોમાં માનવ જ્યોતએ ૭૭૪ માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચાડેલ છે.

● રાપરની વાગડ બે ચોવિસી જૈન મહિલા મંડળ દ્વારા મીઠાઈ સ્પર્ધા યોજાઈ હતી. જેના નિર્ણાયક તરીકે ઊર્મિલાબેન વોરા તથા કિંજલબેન મોરબિયા હતા. ટેસ્ટ ડેકોરેશન, ક્રિએટિવિટી ટેક્ષ્ચર જેવા માપદંડોથી વિજેતા નક્કી કરાયા. જેમાં મોતીચૂરના લાડુ, ખજૂરપાક, પાનરોલ બનાવનાર સ્પર્ધકને અનુક્રમ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ અપાયા હતા.

● ગાંધીધામની ઈનરવ્હીલ ક્લબ અને ફોર બાય ફોર ફેશન અકાદમી દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાને બહાર લાવવા ફેશન શો યોજાયો હતો. જેમાં ૧૨ છાત્રોએ ૮૦ થી વધુ પોશાકો ધારણ કરી દર્શકોને મોહિત કર્યા હતા. આ પોશાકો ઋતુ વિવિધ કથા વસ્તુ ભારતીય પાશ્ચાત્ય અને વિશિષ્ટ ભાતવાળાનો સમાવેશ કરાયો હતો.

● જાયન્ટસ ગ્રુપ સાહેલી અંજાર સાઈન દ્વારા ગાંધીધામ ખાતે વિશ્વભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત સંસ્થાની બહેનો દ્વારા ગાંધીધામની બજારમાં પ્લાસ્ટિક હટાઓ અભિયાન આદરવામાં આવ્યું હતું. નાસ્તા, શાકભાજી લારી ધારકોને એકત્ર કરી પ્લાસ્ટિકથી ધરતીને થતા નુકશાન અંગે સમજ આપવામાં આવી હતી અને ભૂમિને માતા સમાન ગણી આવા કચરા ન ફેંકવા તેમજ પ્લાસ્ટિક ન વાપરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા સાંસ્કૃતિક હરિફાઈનું આયોજન

આજના સમયમાં રમતગમતનું મહત્વ ખૂબ જ વધી રહ્યું છે. વિદ્યાર્થીઓએ અભ્યાસ દરમિયાન વિવિધ રમતગમત પ્રવૃતિમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય દાખવવું જોઈએ. રમતગમત એ દરેક વ્યક્તિના જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે અને એ જરૂરી છે. કારણકે આ પ્રવૃતિથી જ ટીમ સ્પિરીટ જીવનના પડકારોનો સામનો કરવાની સામનો કરવાની સક્ષમતા પ્રતિસ્પર્ધી સાથે પ્રેમ અને ખેલદિલીથી વ્યવહાર કરવો, આગળ વધવાની જિજ્ઞાસા જેવા ગુણો રમતથી ખીલે છે અને વ્યક્તિ શારીરિક તેમજ માનસિક રીતે મજબૂત થાય છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ક.દ.ઓ મંડળ ડોંબિવલીની દ્વારા વિવિધ રમતો સાથે સાંસ્કૃતિક હરિફાઈનું આયોજન રવિવાર તા. ૨૧-૭-૨૦૧૯ કલાકથી કે.બી.વીરા હાઈસ્કૂલ ડોંબિવલી (પૂર્વ) સ્થળે કરાયું છે. સૌ વાલીઓ એ પોતાના બાળકોને આ હરિફાઈઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરે. ભાગ લેનાર ઈચ્છુક સ્પર્ધકએ ફોર્મ ભરી તા. ૧૭-૭-૨૦૧૯ સુધી મંડળમાં જમા કરાવવા. સૌ જ્ઞાતિજનોને સપરિવાર મિત્રમંડળી સહિત સમય સૌનો ઉત્સાહ અને જુસ્સો વધારવા પધારવાનું હાર્દિક નિમંત્રણ શ્રી ક.દ.ઓ મંડળ ડોંબિવલીની સાંસ્કૃતિ સમિતિના ચેરમેન દ્વારા અપાયું છે. વધુ વિગત માટે સંપર્ક શ્રીમતી ભાવના ભરત મોમાયા (નલીયા)-૮૮૭૯૭૧૩૬૧૦ તથા શ્રીમતી જીજ્ઞા વિજય છેડા (સુજાપર)-૯૩૨૨૧૦૮૭૬૮.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | **● જન્મ ●** | | |
| ૨૬-૦૫-૨૦૧૯ | વડોદરા | સાઈશા મોલેશ્રી ફોરમ લોડાયા | સાંયરા | પુત્રી |
| | | **● જ્ઞાતિ સગપણ ●** | | |
| ૦૫-૦૬-૨૦૧૯ | દાદર | રૂષભ ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર | બારોઈ | ૨૮ |
| | પુણે | અદિતી નિર્મલ હેમરાજ મૈશેરી | જખૌ | ૨૭ |
| ૧૩-૦૬-૨૦૧૯ | બુરાનપુર | નીરવ ભરત ખીમજી નાગડા | નલિયા | ૨૮ |
| | ભુજોડી | ઈલા બિપીન નારાયણજી દંડ | લાલા | ૨૮ |
| | | **● આંતરજ્ઞાતિય સગપણ ●** | | |
| ૦૪-૦૬-૨૦૧૯ | મુલુંડ | જય નરેશ ભવાનજી નાગડા | નલિયા | ૨૭ |
| | ચેમ્બુર | જેસીકા રાજેન્દ્ર નંદલાલ ઠક્કર | સાવરકુંડલા | ૨૬ |
| | | **● સગપણ છુટા ●** | | |
| ૧૧-૦૪-૨૦૧૯ | દિવા | દેવાંગ ગુલાબચંદ અરજણ મોતા | વાંકું | ૩૭ |
| | મુલુંડ | વેનીકા ખુશાલ ચંદુલાલ ખોના | જખૌ | ૩૨ |
| | | **● આંતરજ્ઞાતિય લગ્ન ●** | | |
| ૨૪-૦૩-૨૦૧૯ | ડોંબિવલી | દીપેશ ભરત મેઘજી ખોના | સાંધવ | ૨૯ |
| | ડોંબિવલી | પ્રીતી વેંકટેશ શિવાસ્વામી ઐયર | પલાક્કડ | ૨૯ |
| ૨૬-૦૬-૨૦૧૯ | નાશિક | પ્રેમ ખુશાલચંદ લોડાયા | બાંડીયા | - |
| | નાશિક | પ્રાચી દિલીપ બાબુભાઈ જોશી | - | - |
| | | **● મરણ ●** | | |
| ૦૮-૦૬-૨૦૧૯ | અમદાવાદ | અતુલ કાંતિલાલ છેડા | તેરા | ૫૮ |
| ૧૧-૦૬-૨૦૧૯ | પરજાઉ | અજય દામજી મૈશરી | સીંઘોડી | ૫૨ |
| ૧૨-૦૬-૨૦૧૯ | મુલુંડ (પ) | લક્ષ્મીચંદ નરશી લાપસીયા | દલતુંગી | ૭૬ |
| ૧૨-૦૬-૨૦૧૯ | નલિયા | વિણા મણિલાલ છેડા | નલિયા | ૫૮ |
| ૧૫-૦૬-૨૦૧૯ | ઘાટકોપર (પ) | મણિબાઈ પદમશી ખોના | તેરા | ૮૮ |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### પ્રોજેક્ટ સ્વાભિમાન હેઠળ યોજવામાં આવનારી પ્રવૃત્તિઓની એક ઝલક

- **દર મહિને આરોગ્યને લગતો એક ન્યુઝ લેટર :** કેડીઓના ડોક્ટરોની મદદ લઇને અમે સિનિયર સિટિઝનોને ઉપયોગી નીવડે એવી આરોગ્ય, ડાયટ, લાઇફસ્ટાઇલ, કસરત વગેરેને લગતી માહિતિ સાથેના માસિક લેખો પ્રગટ કરીશું.
- **કેડીઓ હોમ સ્ટે/ એર બીએનબી :** બહારગામના કેડીઓ પરિવારો, વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકોને ટૂંકા ગાળા માટે અથવા લાંબા સમય માટે રહેઠાણની સુવિધા આપવાની સિનિયર સિટિઝનોને તક આપવામાં આવશે.
- **ઘરેથી કામ કરવાની સુવિધા/ પાર્ટ ટાઈમ જોબ :** જેમને આવા જોબમાં રસ હોય એ પોતાના રસ અથવા કુશળતાના વિષયો જણાવી શકે છે, જેના આધારે સ્વાભિમાન ટીમ એ પ્રકારના કામ કરાવવાની જેમને જરૂર હોય એમની સાથે સિનિયર સિટિઝનોને મેળવી આપશે.
- **અન્ય પ્રવૃત્તિઓ જેવી કે :** કોર્પોરેટ સીએસઆર, મનોરંજક કેન્દ્રો, વૃદ્ધાશ્રમો, ટેકનોલોજીના બેઝિક ઉપયોગ વગેરે.

**આ ઉપરાંત અલગ અલગ મહાજનો પોતાની રીતે નવી પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે. જેમ કે:**

- દરેક મહાજનની ટીમ સ્વાભિમાનના સભ્યો દર મહીને સગવડ અનુસારની જગ્યાએ મળે. (દૂર રહેતા સભ્યો બે ત્રણ જૂથોમાં વહેંચાઇને મળી શકે છે).
- ઇનડોર ગેમ્સ અથવા હોબીઝ ડેનું આયોજન કરી શકે છે.
- જન્મદિનની પાર્ટી અથવા મહીનાના કોઇ ખાસ દિવસની ઉજવણી કરવી
- બેન્કીંગ, આધાર, વસતિપત્રક એપ, ફેસબૂક વગેરે જેવી ઓનલાઇન સર્વિસનો ઉપયોગ કરવો
- જાત્રાનું આયોજન કરવું અથવા અન્ય ટ્રિપ્સ કરવી.

આ તો હજુ શરૂઆત છે. દરેક મહાજન પોતાના વિસ્તારની વિશેષ જરૂરિયાતોને લગતા સૂચનો મોકલી શકે છે અને સુધારા માટેનું ફીડબેક અમને આપી શકે છે.

**ચેરપર્સન - હેમાબેન ગુલાબ છેડા** **કન્વીનર - હંસ ભવાનજી ખીમજી**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO